# રાજ્યમાં ૧૪૬૭ ગ્રામ પંચાયતો સમરસ બની

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં ૧૦ હજારથી વધુ ગ્રામ પંચાયતોની યોજાનારી ચૂંટણી પૂર્વે આ ગ્રામ પંચાયતો પૈકી ૧૪૬૭ ગ્રામ પંચાયતો સમરસ બનવા પામી છે. રાજ્યના પંચાયત મંત્રી જયંતિભાઈ કવાડીયાએ જણાવ્યુ હતુ કે રાજ્યની ૧૦૨૬૭ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ગઈકાલે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ બાદ અંદાજે ૧૪૬૭ જેટલી ગ્રામ પંચાયતો સમરસ બનવા પામી છે. જ્યારે રાજ્યની ૧૪૬ ગ્રામ પંચાયતો એવી છે કે આ ગ્રામ પંચાયતોના સરપંચો અને સભ્યો સમરસ બન્યા છે પરંતુ એક વોર્ડ સમરસ ન થતાં આ ગ્રામ પંચાયતો સમરસ બની શકી નથી.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્યની રાજ્યમાં ગ્રામ પંચાયતોમાં ગત વખતની ચૂંટણીમાં ૨૫ હજાર વોર્ડ સમરસ થયા હતા. આ વખતે ૩૩ હજાર વોર્ડ સમરસ થયા છે. એટલે કે ૮૫ ટકા સમરસ ગ્રામ પંચાયતો સરકાર સાથે જોડાયેલી છે.

તેમણે જણાવ્યું હતુ કે ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં વેરજેર ઉભા ન થાય અને ગ્રામો સમરસ બને તે માટે વર્ષ ૨૦૦૨માં ગુજરાતના તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સમરસ ગ્રામ યોજના અમલમાં મુકી હતી. વર્ષ ૨૦૦૬-૦૭ માં યોજાયેલી ચૂંટણી દરમ્યાન ૨૮૦૦ ગ્રામ પંચાયતો સમરસ બની હતી.

તેમણે જણાવ્યુ હતુ કે સમરસ ગ્રામ પંચાયતોને ૫૦૦૦થી ઓછી વસતીવાળા હોઈ તો પહેલી વખતે રૂ. બે લાખ, બીજીવાર સમરસ બને તો રૂ. ૨.૫૦ લાખ અને ત્રીજીવાર બને તો રૂ. ૩.૫૦ લાખ ગ્રાન્ટ સરકાર દ્વારા આપવામાં આવે છે.

# રાજ્યભરમાં હુક્કાબાર બંધ કરવાનો હુકમ

## કાયદાના ભંગ બદલ ત્રણ વર્ષની જેલ અને રૂપિયા ૫૦ હજાર સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી : હુક્કાથી સિગારેટ કરતા ૨૦૦ ગણો વધારે ધુમાડો

ગાંધીનગર, તા.૧૫

રાજ્યના યુવાધનને હુક્કાબારના નશામાંથી બચાવાનું રાજ્ય સરકારે યુવા હિતલક્ષી મહત્વપૂર્ણ સંવેદનશીલ પગલું ભરીને રાજ્યના તમામ હુક્કાબાર બંધ કરવાોન નિર્ણય કર્યો છે તેમ આજે ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. રાજ્ય સરાકરે હુક્કાબારને પ્રતિબંધિત જાહેર કરીને હુક્કાબારમાં પ્રવેશ, તપાસ, ઝડતી અને જપ્તીની સત્તા પોલીસ અધિકારીઓને આપી છે. આ કાયદાના ભંગ બદલ ઓછામાં ઓછી એક વર્ષ અને વધુમાં વધુ ૩ વર્ષની સજા તેમજ રૂપિયા ૨૦ હજારથી ૫૦૦૦૦ સુધીના દંડની જોગવાઈ કરી છે. વધુમાં આ ગુનો કોગ્નિઝેબલ ગણાશે તેવો સુધારો સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન ધારો-૨૦૦૩માં કરવામાં આવ્યો છે, તેમ મંત્રીએ જણાવ્યું હતું.મંત્રી જાડેજાએ કહ્યું હતું કે, રાજ્યના હુક્કાબાર પર કાયદાના માધ્યમથી પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે જેથી હવે કોઈપણ વ્યક્તિ રાજ્યમાં હુક્કાબાર ચલાવી શકશે નહિ.. રાજાયના કેટલાક વિસ્તારોમાં આવક વધારવાના હેતુથી સાર્વજનિક ખાનપાનની જગ્યા કે હોટલ રેસ્ટોરન્સમાં તમાકુ મિશ્રિત ગુટખાની સ્વાસ્થ્ય હાનિકારક સગવડો યુવાધનને પુરુ પાડવાનું ચલણ વધ્યું છે. જેના કારણે આવા સ્થાનો પર યુવાવર્ગ આકર્ષિત થઈને હુક્કાબારમાં જઈને નશો કરે છે, જેથી આવનાર યુવાધનને સમય જતા તમાકુનું સેવન-નશો કરવાની કાયમી આદત પડે છે અને મોજશોખની સાતે નશાની



લતમાં સપડાય છે. ખાસ કરીને કોલેજીયન યુવાનો આવા હુક્કાબારમાં બેસીને અત્યંત ખર્ચ કરે છે. કોલેજીયનો પાસે મોટા પ્રમાણમાં ખર્ચ કરવાના રૂપિયા ન હોવાથી ઉંચા વ્યાજે બજારમાંથી નાણા ધિરનાર પાસેથી રૂપિયા ઉધાર લેવાની ઘટનાઓ બને છે અને વ્યાજના ચક્કરમાં ફસાય છે અને તેમાંથી બહાર આવવા અનેકવિધ ગુનાઓ આચરે છે. આ પ્રકારના નશાથી રાજ્યનો યુવાન સામાજિક, આર્થિક અને શારીરિક રીતે પાયમાલીનો ભોગ બને છે. હુક્કાની લત અને નશાખોરીને લીધે પોતાનું અને પરિવારનું જીવન બરબાદ કરે છે. આ પ્રકારની ઘટનાઓમાં હુક્કાબાર બંધ કરવાના નિર્ણયને કારણે યુવાધનને ખોટા માર્ગે જતું અટકાવી શકાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.મંત્રીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, હુક્કાબારમાં યુવાનો હુક્કાથી એક કલાકમાં સામાન્ય રીતે સિગારેટ કરતા ૧૦૦થી ૨૦૦ ગણો વધારે ઝેરી ધુમાડો પોતાના શરીરમાં ઉતારે છે. હુક્કાના એક કસમાં ૨૦૦ ૫ફ જ્યારે સિગારેટમાં ૨૦ ૫ફ વોલ્યુમ હોય છે જે શરીર માટે ખુબ જ નુકસાનકારક છે. હુક્કામાં તમાકુને ગરમ કરવા કોલસો વપરાય છે તેના ધુમાડામાં કાર્બન મોનોક્સાઈટ મેટલ અને કેન્સર પેદા કરતા અત્યંત ઝેરી કેમિકલ્સ હોય છે.



વડોદરા ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધામાં ધનસુરાના વડાગામની શ્રેયસ વિદ્યાલયના ચાર રમતવીરો ગોલ્ડમેડલ વિજેતા અને ચાર ખેલાડી સિલ્વર મેડલ વિજેતા તેમજ ત્રણ રમતવીરો કાંસ્ય મેડલ વિજેતા બન્યા હતા. વિદ્યાર્થી રમતવીરોની આ સિદ્ધિ બદલ મંડળના પ્રમુખ પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર ઉપરાંત મંત્રી અને આચાર્ય વગેરેએ વ્યાયામ શિક્ષક સ્ટાફ અને વિજેતા છાત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજ્યમાં દારૂબંધીને કડક બનાવવા નિર્ણય

## દારૂના અડ્ડાના સંચાલકને કે તેના મદદગારને ૧૦ વર્ષ સુધીની કેદ અને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરાઈ

ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત નશાબંધ ધારાની જોગવાઈઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા અસરકારક સુધારા-વધારાને સામાજિક તંદુરસ્તીને સુદ્રઢ કરનારા ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતુંકે મુખ્યમંત્રી વિજય રૂપાણીના કર્મઠ નેતૃત્વની આ રાજ્ય સરકારે પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા, પ્રગતિશીલતા ચાર પાયા પર રાજ્ય સર્વાંગી વિકાસ ઈમારતનું નિર્માણ કર્યું છે. વ્યક્તિગત, સામાજિક, આર્થિક અને નૈતિક પતન કરનારા દારુના દુષણથી સમાજની તંદુરસ્તીને હણનારાઓ સામે રાજ્ય સરકાર કડક હથે કામ કરશે તેવો મુખ્યમમંત્રીએ દ્રઢ નિર્ધાર કર્યો છે જેના ભાગરુપે આજે રાજ્યમંત્રીમંડળની બેઠકમાં ગુજરાત નશાબંધી ધારાને વધુ અસરકારક બનાવવા વધુ મજબૂત બનાવવા કરવામાં આવનારા સુધારા-વધારાને મંજુરી આપી છે. રાજ્ય સરકારે ગુજરાત નશાબંધી ધારાને અસરકારક બનાવવા જે સુધારા કર્યા છે તેની વિગતો આપતા મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, દારુના ખરીદ, વેચાણ, હેરફેર કરવામાં કિસ્સાની કલમમાં સુધારો કરીને હાલની જોગવાઈમાં ફેરફાર કરીને સજામાં ત્રણ વર્ષ સુધીની કેદ તેમજ દંડની જોગવાઈમાં ફેરફાર કરીને સજામાં ૧૦ વર્ષ સુધીની કેદ અને રૂપિયા પાંચ લાખ સુધીના દંડની જોગવાઈઓ કરવામાં આવેલ છે. ગુજરાતમાં ક્યાય પણ દારવના અડ્ડા ચાલતા હશે ત્યાં દારુબંધીનો અમલ કરાવવા દારુના અડ્ડાના સંચાલકો કે તેને મદદગારી કરનારાને પણ વધુમાં વધુ સજાની જોગવાઈ કરી કલમ ૬૮ના સુધારા અનુસાર ૧૦ વરક્ષ સુધીની કેદ અને રૂપિયા ૧ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાંઆવી છે. દારુ પીનેદંગલ કરનાર લોકોસામેપણ રાજ્ય સરકારે લાલ આંખ કરીશે તેની વિગતો આપતા જાડેજાએ જણાવ્યુંકે, કોઈ વ્યક્તિ દારુ પીને ઉપદ્રવ કરે, ઝઘડો કરે, અસભ્ય ભાષા બોલે, તેવા કિસ્સામાં એકથી ૩ માસની કેદ અને રૂપિયા ૨૦૦થી ૫૦૦ના દંડની જુની જોગવાઈને બદલ ત્રણ વર્ષની કેદ પરંતુ એક વર્ષ કરતા ઓછી નહીં તેવી સજા અને દંડ અથવા બંને શિક્ષાની જોગવાઈ કરવામાંઆવી છે.

### દારૂબંધી માટે જોગવાઈ

દારૂબંધીને વધુ કડક બનાવવા અને ગુનેગારો ફરતે સજા અને દંડનો ગાળીયો મજબૂત બનાવવા વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે. આ જોગવાઈ નીચે મુજબ છે.

- દારૂના ખરીદ-વેચાણ હેરાફેરી કરનાર ગુનેગારોની સજામાં વધારો કરવામાં આવ્યો
- ૧૦ વર્ષ સુધીની કેદ અને પાંચ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી
- દારૂના અડ્ડાના સંચાલકને કે તેના મદદગારને ૧૦ વર્ષ સુધીની કેદ અને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરાઈ
- દારૂ પીને દંગલ કરનાર સામે વધુ કડક કાયદો કરવામાં આવ્યો. હવે ત્રણ વર્ષની કેદ
- ગુનેગારોને નાસી જવામાં મદદ કરનાર અધિકારીને પણ સાત વર્ષ સુધીની કેદ અને એક લાખ સુધીનો દંડ
- કોઈ અધિકારીની ફરજમાં અડચણ કે હુમલો કરવા બદલ પાંચ વર્ષ સુધીની કેદ અને પાંચ લાખ દંડની જોગવાઈ

### રાજ્યમાં હજુ પણ એટીએમ ખાલીખમ

નોટબંધીના અમલ બાદ આજે ૩૭મો દિવસ હતો આમછતાં પણ મોટી બેંકો પાસે પુરતી કરન્સી આવતી ન હોવાને કારણે એટીએમથી કંટાળેલા લોકો બેંકોમાં જાય છે તો ત્યાં પણ ધરમધક્કાનો અનુભવ થઈ રહ્યો છે.આ પરિસ્થિતિમાંથી હવે કયારે છુટકારો મળશે તેવી પણ લોકો ચર્ચા કરી રહેલા જોવા મળી રહ્યા છે.આ અંગેની વિગત એવી છે કે,દેશભરમાં ગત આઠમી નવેંબરની રાત્રીના બારથી દેશના ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ પર બેન મુકવામાં આવ્યો હતો.જે દિવસે બેન મુકવામાં આવ્યો હતો એ સમયે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના લોકોને પચાસ દિવસનો સમય આપવા કહ્યું હતું.આજે ૩૭ દિવસ પુરા થઈ ગયા છે.આમછતાં જો રાજ્યમાં અમદાવાદ સહીતના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોની પરિસ્થિતિ ઉપર એક નજર નાંખવામાં આવે તો મોટાશહેરોમાં હજુ આજેપણ જ્યાં એક તરફ એટીએમની પરિસ્થિતિમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી.ત્યાં બીજી તરફ સરકાર અને રિઝર્વબેંક તરફથી અગાઉ કરવામાં આવેલી અનેક જાહેરાતો છતાં પણ હજુ સુધી મોટીબેંકો સુધી પણ પુરતી માત્રામાં કરન્સી પહોંચી રહી નથી.આ પરિસ્થિતિમાં લોકો એટીએમથી કંટાળીને બેંકો તરફ દોટ મુકે છે પરંતુ ત્યાં પણ લાંબી લાઈનમાં ઉભા રહ્યા બાદ બેંકો તરફથી પણ જ્યારે કસ્ટમરોને પુરતી રકમ આપવા અંગે ઈન્કાર કરવામાં આવે છે ત્યારે કસ્ટમરોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

# વિચરતી-વિમુક્ત જાતિઓની સમસ્યાઓ પ્રત્યે ભાજપ સરકારની અવગણના

તલોદ, તા. ૧૫

ગુજરાત રાજ્યની વિચરતી વિમુક્ત જાતિની ૪૬ જેટલી જ્ઞાતિઓ જે ગુજરાતમાં ૧૦ ટકા જેટલી વસતી છે તે તમામ જ્ઞાતિઓના ૧૫૦ જેટલા આગેવાનોના બનેલા સંગઠને રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની મુલાકાત લીધી હતી અને આ તમામ જ્ઞાતિઓના પડતર પ્રશ્નો અંગે સત્વરે વિચારવા રજૂઆત કરી હતી. જે વાત સાંભળી સમસ્યાઓનો તુરંત નીકાલ લાવવા મુખ્યમંત્રીએ હૈયાધારણા આપી હતી. લાંબો સમય પસાર થઈ ગયો છે અને સરકાર દ્વારા કોઈ પગલા ન લેવાતા વિચરતી વિમુક્ત જાતિના આગેવાનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગુજરાત રાજ્યમાં વિચરતી-વિમુક્ત જાતિની ૪૬ જેટલી જ્ઞાતિઓ જે ગુજરાતમાં ૧૦ ટકા જેટલી વસતી ધરાવે છે. પછાત વર્ગને પ્રાધાન્ય આપવાના હેતુથી મુખ્યમંત્રીએ આ જાતિઓના આગેવાનો સાથે બેઠક યોજી હતી અને તમામ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા કરી હતી અને સમસ્યાઓ હલ કરવા હૈયાધારણા આપી હતી. આ બેઠકમાં ૧૫૦ જેટલા આગેવાનો જોડાયા હતા.

વિવિધ સમાજના આગેવાનોએ પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારી કરવા તાલુકા, જિલ્લા અને પ્રદેશના સમાજના આગેવાનોને હોદ્દાઓ આપવા તેમજ નિગમમાં વિચરતી વિમુક્ત જાતિઓનું પ્રતિનિધિત્વ આપવા અને દંધા-રોજગારી અને રહેણાંક માટે પ્લોટ ફાળવવા પણ રજૂઆતો કરી હતી. ટ્રેક્ટર, ટ્રકો તેમજ રેતીકામ જેવા ધંધામાં પડતી મુશ્કેલીથી દયનીય સ્થિતિ ઉભી થવા પામી છે. આમ સરકારના આવા અભિગમથી વિચરતી-વિમુક્ત જાતિના આગેવાનોમાં આક્રોશ જોવા મળ્યો છે.




સિનિયર સિટીઝન ટ્રસ્ટ બાયડ દ્વારા 'ગાંધીનગર સમાચાર'ના કટાર લેખક અને કેળવણીકાર ડૉ. સંતોષ દેવકરનું શાલ ઓઢાડી ગાયત્રી મંદિર બાયડ ખાતે ડૉ. મહેન્દ્રભાઈ એસ. પટેલ (પુર્વ ધારાસભ્ય, બાયડ), કનુભાઈ એમ. પટેલ (પુર્વ ચેરમેન ગુજરાત રાજ્ય ખેતીબેંક)ની ઉપસ્થિતિમાં આયોજન ટ્રસ્ટના પ્રમુખ નવનીત એમ. સોની, વી.એમ. પટેલ, મણીભાઈ પંચાલ, આઈ.એમ. સોની તથા હોદેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ટ્રસ્ટના સભ્યો અને તેમના પરિવારજનો હાજર રહ્યા હતા.

### પ્રોત્સાહિત કરવા ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦૦ દિવસ સુધી ૧૫,૦૦૦ વિજેતાઓને દરરોજ ૧૦૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. આ ઉપરાંત ૧૪મી એપ્રિલના દિવસે ત્રણ મેગા ડ્રો પણ જાહેર કરવામાં આવશે. જેમાં વિજેતાઓને એક કરોડ, ૫૦ લાખ અને ૨૫ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવનાર છે. થોડાક દિવસ પહેલા જ નાણા મંત્રી અરૂણ જેટલીએ પણ કેશલેસ ઈકોનોમીને પ્રોત્સાહન આપવા માટે ડિજીટલ પેમેન્ટ પર ૧૧ રાહતોની જાહેરાત કરી હતી. જેમાં શ્રેણીબદ્ધ યોજનાઓને આવરી લેવામાં આવી હતી. આમાં વીમા, રેલ્વે અને પેટ્રોલ પંપ ઉપર ખરીદી સહિત કેટલાક મહત્વપૂર્ણ ટ્રાન્જેકશનનો પણ સમાવેશ થાય છે.

નીતિ આયોગના અધિકારી અમિતાભ કાંતે લકી ગ્રાહક યોજનાની જાહેરાત કર્યા બાદ આ યોજનાના સંદર્ભમાં વધુ માહિતી જારી કરી હતી. લકી ગ્રાહક યોજના હેઠળ ડિજીટલ પેમેન્ટ રૂપે કાર્ડ, યુપીઆઈ, એઈપીએસ, યુએસએસડી મારફતે કરવામાં આવશે. રૂપિયા ૫૦ અને ૩૦૦૦ વચ્ચે એવોર્ડ માટે લાયક રહેશે. ગ્રાહકો અને વેપારીઓ માટે જુદી જુદી ઈનામી રકમ રહેશે. લકી ગ્રાહક યોજના હેઠળ ૧૫,૦૦૦ વિજેતાઓને આગામી ૧૦૦ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવનાર છે. ડીગી ધન વેપારી યોજના હેઠળ દરેક સપ્તાહમાં ૭૦૦૦ વેપારીઓને ૫૦ હજાર રૂપિયા સુધીના ઈનામ આપવામાં આવશે. બંને કેટેગરીમાં મેગા એવોર્ડ ડૉ.ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિના દિવસે રહેશે. મેગ એવોર્ડ હેઠળ ગ્રાહકો એક કરોડના ઈનામ જીતી શકે છે. જ્યારે વેપારીઓ ૫૦ લાખ, ૨૫ લાખ અને પાંચ લાખના ઈનામ જીતી શકે છે. લકી ગ્રાહક યોજના અને દીગી ધન વેપારી યોજના દેશ માટે ક્રિસમસ ગિફ્ટ સમાન છે.

### થાળે પડશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અછત સંપૂર્ણપણે દૂર કરી લેવામાં આવશે. સિનિયર બેંકરોએ વાતચીતમાં કહ્યું છે કે જો પ્રિન્ટીંગ પ્રેસ વર્તમાન ગતિથી કામ કરતી રહેશે તો જાન્યુઆરીના બીજા સપ્તાહ સુધી લોકોને નવ લાખ કરોડ રૂપિયા આપી દેવામાં આવશે. ૨૬ જાહેર ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટવાળી ૧૫ લાખ કરોડ રૂપિયાની લગભગ સંપૂર્ણ રકમ ડિસેમ્બરના અંત સુધી બેંકોમાં આવી જશે તો નવી નોટમાં જાન્યુઆરીના મધ્ય સુધી જારી થનાર રકમ તેના ૫૦ ટકાથી વધારે રહેશે. જે ગણતરી કરવામાં આવી રહી છે તેનાથી ચિત્ર હળવું દેખાઈ રહ્યું છે. હજુ સુધી આક્રમક કાર્યવાહીના પરિણામ સ્વરૂપે રોકડ કટોકટીને દુર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. વરિષ્ઠ અધિકારીઓના કહેવા મુજબ ૮૦ ટકા નવી નોટ બેંકોમાં આવી ગયા બાદથી અંકુશને દુર કરી દેવામાં આવશે અને રોકડ ઉપાડ માટેની મર્યાદાને પણ દુર કરી દેવામાં આવશે.

### મન એવું થાય છે કે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. અડવાણીએ દુ:ખ વ્યક્ત કર્યુ હતું. ધાંધલ ધમાલથી દુ:ખી થઈને અડવાણીએ એક વખતે કહ્યું હતું કે તેઓ વિચારે છે કે સંસદના સભ્ય તરીકે રાજીનામું આપી દે. તેમણે ઉમેર્યુ હતું કે જો આજે અટલ બિહારી વાજપેયી સંસદમાં રહ્યા હોત તો ખૂબ દુ:ખી થયા હોત. તેમના કહેવા મુજબ કોઈ જીતે કે હારે આ ધાંધલ ધમાલથી સંસદની હાર થઈ રહી છે. સ્પીકરની સાથે વાત કરીને ચર્ચા થવી જોઈએ. અડવાણીની તબિયતના સંદર્ભમાં પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે તેમની તબિયત સારી છે પરંતુ સંસદની તબિયાત સારી દેખાઈ રહી નથી. સંસદની કામગીરી સ્થગિત થઈ ગયા બાદ પણ દુ:ખી અડવાણી લોકસભામાં બેઠેલા નજરે પડ્યા હતા. તેઓએ સ્મૃતિ ઈરાની અને રાજનાથસિંહ સાથે વાત કરી હતી અને કહ્યું હતું કે ઓછામાં ઓછા છેલ્લા દિવસે સંસદ ચાલે તેવા પ્રયાસ થવા જોઈએ. સ્પીકરને બંને પક્ષોના નેતાઓને બોલાવીને વાત કરવી જોઈએ. આ અગાઉ સંસદમાં કામ ન થવાના મુદ્દે લાલકૃષ્ણ અડવાણીએ નારાજગી વ્યક્ત કરી હતી.

### દોર યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં ૨૬ લાખ રૂપિયાની નવી નોટો હતી. પશ્ચિમ બંગાળના સિલીગુડી મેટ્રોપોલિટન પોલિસે ૨૦૦૦ રૂપિયાની નવી નોટમાં અઢી લાખ રૂપિયાથી વધુની રકમ જપ્ત કરી છે. આ મામલામાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ મામલો બુધવારનો છે પરંતુ માહિતી ગુરૂવારના દિવસે એટલે કે આજે સપાટી ઉપર આવી હતી. આસામના ગુવાહાટીમાં પણ પોલીસે પિતા-પુત્રની પાસેથી પાંચ લાખ ૫૮ હજાર રૂપિયાની નવી નોટ જપ્ત કરી હતી. બંનેની ધરપકડ કરીને વધુ તપાસ કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં પોલીસે કલ્યાણ વિસ્તારમાંથી ૨૧ લાખ રૂપિયાની રકમ જપ્ત કરી છે. આમાંથી ૧૬ લાખ રૂપિયા બે હજાર અને ૫૦૦ રૂપિયાની નવી નોટોમાં છે. રાજસ્થાનના જયપુરમાં પણ પોલીસે બે કારોબારી ભાઈની પાસેથી ૩૫ લાખ રૂપિયાથી વધુની રકમ જપ્ત કરી છે. આ રકમ નવી નોટ તરીકે મળી છે. અન્ય એક મામલામાં નાગોર જિલ્લામાં પોલીસે ૬.૭૨ લાખ રૂપિયાની બિનહિસાબી રકમ જપ્ત કરી લીધી છે. આમાંથી પાંચ લાખ ૬૮ હજા રૂપિયા બે હજારની નોટમાં છે. આ રકમ અજીત મલિક પાસેથી મળી આવી છે. આ નાણાં ક્યાંથી આવ્યા છે તે સંબંધમાં માહિતી આપી નથી. બીજી બાજ ઈન્કમટેક્સ વિભાગે નોઈડા સ્થિત એક્સિસ બેંકની એક શાખા ઉપર દરોડા પાડ્યા હતા જ્યાં ૨૦ બનાવટી કંપનીઓના ખાતા ખોલીને તેમાં ૬૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશના વિજયવાડામાં પોલીસે ૨૦૦૦ રૂપિયાની નવી નોટમાં ૧૭ લાખ ૩૦ હજાર રૂપિયા જપ્ત કર્યા છે. કમિશન માટે જૂની નોટના બદલે નવી નોટ માટે આ રકમ ચૂકવવામાં આવનાર હતી. વ્યાપક દરોડાનો દોર આગામી દિવસોમાં પણ જારી રહે તેમ માનવામાં આવે છે. નોઈડામાં સેકટર-૫૧ સ્થિત બ્રાંચમાં આજે દરોડાની કામગીરી ચાલી હતી. થોડાક દિવસ પહેલા જ આવકવેરા વિભાગે એક્સિસ બેંકની ચાંદની ચોક શાખામાં પણ દરોડા પાડ્યા હતા. જેમાં ૪૦થી વધુ બનાવટી ખાતા હોવાની બાબત સપાટી પર આવી હતી. આ બનાવટી ખાતામાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ જમા હોવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે. રિઝર્વ બેંક તરફથી એક્સિસ બેંકના લાઈસન્સને રદ કરવાની વિચારણા ચાલી રહી છે. અલબત્ત કેન્દ્રિય બેંકે આવી કોઈ માહિતી હાલમાં હોવાનો ઈનકાર કર્યો છે.

### વેચાણ બંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે આગામી વર્ષે એપ્રિલ સુધીની મહેતલ નક્કી કરી છે. આ શરાબના દુકાનોની લાયસન્સએક એપ્રિલ બાદ રિન્યુ કરી શકાશે નહી. સુપ્રીમ કોર્ટે આ આદેશ એનજીઓની અરજી પર સુનાવણી કરતી વેળા આદેશ આપ્યો હતો. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે એક લાખ ૪૦ હજાર લોકો દર વર્ષે માર્ગ દુર્ઘટનામાં મૃત્યુ પામે છે. મોટા ભાગના અકસ્માતો શરાબ પીને ગાડી ચલાવવાના કારણે થાય છે. સુપ્રીમ કોર્ટના આદેશને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સુપ્રિમ કોર્ટે આ આદેશ અરાઈવશેફ નામના એનજીઓની અરજી પર સુનાવણી કરતી વેળા આપ્યો હતો.

### ગોથે ચઢતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સરકાર દ્વારા એકબાજુ નોટબંધીના અંતે કેશલેશ વ્યવ્હારને પ્રોત્સાહિત કરવાની નિતી અપનાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહયા છે. આવા સંજોગોમાં આમ નાગરિકો કેશલેશ વ્યવ્હાર મામલે પર્યાપ્ત જાણકારી ન ધરાવતા હોવાથી ગોથે ચઢે છે. જયારે બજારમાં પણ વેપારીઓ કેશલેશ વ્યવસ્થા ઉભી કરવામાં નિરસતા સેવી રહયા છે. ગાંધીનગર જેવા શિક્ષિત શહેરમાં પણ કેશલેશ વ્યવ્હાર હજુ પણ યુસલેશ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. નાગરિકોને કેશલેશ વ્યવ્હાર માટે પ્રશિક્ષણ આપવાની અનિવાર્યતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. હાલની સ્થિતએ શહેરમાં ૩૦ ટકાથી ઓછા કેશલેશ વ્યવ્હાર થતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. શિક્ષિત શહેરમાં પણ પ્લાસ્ટીક મનીના ઉપયોગનો ટ્રેન્ડ હજુ મજબુત બન્યો નથી. ત્યારે અન્ય શહેરોમાં આ વ્યવસ્થા કેટલી હદે અવ્યવસ્થાનો ભાગ બની હશે તે વિચારી શકાય તેમ છે.

### લારી-ગલ્લા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફુટપાથને કલર કરવાનુ તેમજ સેન્ટ્રલ વર્જને રંગરોગાન કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જયારે શહેરના સર્કલોને પણ નવો લુક આપવા માટે જવાબદાર સંસ્થાઓ કામે લાગી છે. શહેરના માર્ગોને ચકાચક અને આકર્ષક બનાવવા માટે રોડ ફર્નિચરનુ કામ શરૂ કરી દેવાયુ છે. નગરને વાઈબ્રન્ટ લુક આપવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વનતંત્રની પણ ૮ ટીમો કામે લાગી છે. જયારે સુશોભનની સાથે સફાઈ અભિયાન પણ હાથ ધરાયુ છે. નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તંત્ર યુધ્ધાના ધોરણે કામે લાગી ગયુ છે. ત્યારે શહેરની સુંદરતામાં અડચણરૂપ બનતા દબાણો દુર કરવા માટે તંત્રની ટીમ કામે લાગશે આજે શહેરમાંથી દબાણો દુર કરવા માટે કોર્પોરેશનની દબાણશાખાની ટીમે રાઉન્ડ લીધો હતો. શહેરના તમામ મુખ્ય માર્ગો પર રાઉન્ડમાં નીકળેલી ટીમે દબાણકર્તાઓને સ્વેચ્છાએ લારી ગલ્લા દુર કરી દેવા જણાંવાયુ છે. જયારે હવે દબાણો જોવા મળશે તો કબજે લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.